પરિપત્ર

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૭/ ૨૮૨૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. ૧૬/૧૨/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
ગુજરાત રાજ્ય. (તમામ)

વિષય:- વિદેશમાં અભ્યાસ કરી ધો-૯ થી ૧૨માં "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" મેળવવા બાબતની અરજી શાળા મારફતે મોકલવા બાબત.

સંદર્ભ:- (૧) બોર્ડની શૈક્ષણિક સમિતિના ઠરાવ ક્રમાંક:-૮૩/૨૦૧૪, તા.૨૮/૦૧/૨૦૧૪.
(૨) પ્રવેશ યોગ્યતા પરિપત્ર, તા.૧૨/૦૨/૨૦૧૪.
(૩) પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર પરિપત્ર, તા.૨૪/૦૪/૨૦૧૭.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે તા.૨૪/૦૪/૨૦૧૭ના બોર્ડના પરિપત્રથી જણાવ્યા મુજબ વિદેશમાં અભ્યાસ કરી ધો-૯ થી ૧૨માં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીનો અભ્યાસ ન બગડે તે માટે શાળાએ કામચલાઉ પ્રવેશ આપી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સંશોધન શાખામાં A.I.U. ન્યુ દિલ્હીથી મેળવેલ સમકક્ષતા પ્રમાણપત્રની નકલ ગુણપત્રક, એલ.સી (L.C.), ટ્રાન્સફર સર્ટિફિકેટ (T.C.), માઇગ્રેશન સર્ટિફિકેટ, પાસપોર્ટ/વિઝાના આધારોની પ્રમાણિત નકલ સાથે જરૂરી ફી.રૂ.૫૦૦/- ડિમાન્ડ ડ્રાફ્ટ મોકલી અત્રેથી ૧૫ દિવસમાં પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર મેળવી જે તે શાળામાં રજુ કરવાનું રહેશે. આ પ્રમાણે જણાવેલ છે પરંતુ વિદેશમાં અભ્યાસ કરી ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડ સાથે સંલગ્ન શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨મા પ્રવેશ મેળવવા માટે વિદ્યાર્થીઓ દ્વારા સીધે-સીધી અરજી બોર્ડમાં કરવામાં આવે છે. તેના કારણે સદર વિદ્યાર્થીને શાળાએ કામચલાઉ પ્રવેશ આપેલ છે કે કેમ તે બાબત સ્પષ્ટ થતી નથી. તેથી વિદેશમાં અભ્યાસ કરેલ વિદ્યાર્થીએ A.I.U. ન્યુ દિલ્હીથી મેળવેલ AIU સમકક્ષતા પ્રમાણપત્રની નકલ, એલ.સી., પાસપોર્ટ સર્ટીફીકેટ, માઇગ્રેશન, પાસપોર્ટ વિઝાના આધારો તેમજ રેસીડન્ટ પરમીટની પ્રમાણિત નકલ સાથેની અરજી નિયત પત્રકમાં રૂ.૫૦૦/-ના ડીડી સાથે શાળા મારફત અરજી કરવાની રહેશે. જે અરજીમાં શાળાએ વિદ્યાર્થીને ક્યારે કામચલાઉ પ્રવેશ આપેલ છે તે બાબત દર્શાવવાની રહેશે.

(આર.આઇ.પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ.
ગાંધીનગર

૨૮૯૧
૧૮/૧૨/૧૭

નકલ રવાના:-
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ) ઉક્ત પરિપત્રની જાણ આપના જિલ્લાની તમામ શાળાઓને કરવા સારૂ.

F:\Rakesh Dabhi\Jyantibhai\પરિપત્ર.docx

ક્રમાંક/મા/વ.-૧/૧૬૧૦૫૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૧૯-૧૨-૨૦૧૭

ર/- નકલ રવાના જાણ તથા
અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ,
આચાર્યશ્રી (તમામ),
સરકારી / ગ્રાન્ટેડ / નોન ગ્રાન્ટેડ શાળાઓ તમામ,
જી. બનાસકાંઠા